# રોજગાર અને તાલીમ નિયામકની કચેરી

( ISO 2001-2008 Certified Organisation )

ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧, ત્રીજો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ફોન : ૨૩૨૫૩૮૧૨, ફેક્સ : ૦૭૯ ૨૩૨૫૩૮૩૫, વેબસાઈટ : www.talimrojgar.org.


ક્રમાંક: સીટીએસ/ચ–૧૧/૨૦૧૦/૩૬૩૨

તારીખ: ૨૭/૦૫/૨૦૧૦.

**//પરિપત્ર//**

**વિષય:** **સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા / ગ્રાન્ડ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા સ્વનિર્ભર સંસ્થાઓનું રેગ્યુલર / અચાનક નિરીક્ષણ કરવા બાબત.**

આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોનું ટ્રેનીગ મેન્યુઅલના પારા નં.૩૬ અન્વયે નિરીક્ષણ કાર્ય હાથ ધરવાનું હોય છે. ટ્રેનીગ મેન્યુઅલની જોગવાઈ ને ધ્યાને લઈ માનનીય નિયામકશ્રીના આદેશ અનુસાર આ ખાતા હસ્તકની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરીના વડાઓએ દરેક સંસ્થાનું રેગ્યુલર તથા અચાનક નિરીક્ષણ કાર્ય નીચે દર્શાવેલ સુચનાઓ તથા વખતો વખત આ કચેરી ધ્વારા આપવામાં આવે તે સુચનાઓને ધ્યાને લઈ કામગીરી કરવાની રહેશે.

૧. દરેક સંસ્થાનું નિરીક્ષણ નિયમિત રીતે વિગતવાર કરવાનું રહેશે.

૨. તાલીમની ગુણવત્તા સુધારવા માટે નિયમિત અને અચાનક નિરીક્ષણ કરવું અંત્યત આવશ્યક છે.

૩. નિરીક્ષણ દરમ્યાન **NCVT/GCVT** પેટર્ન મુજબ સીલેબસ અનુસાર તાલીમ અપાય છે કે કેમ? તેની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે.

૪. નિરીક્ષણ દરમ્યાન તાલીમાર્થીઓને સીલેબસ અનુસાર જરૂરી સાધન સામગ્રી પુરી પાડવામાં આવેલ છે કે કેમ ? તેની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે.

૫. નિરીક્ષણ દરમ્યાન તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડની ચુકવણી સમયસર કરવામાં આવે છે કે કેમ? તેની વિગતવાર ચકાસણી કરવાની રહેશે.

૬. સ્વર્ણિમ વર્ષને ધ્યાને લઈ નિરીક્ષણ હાથ ધરવા માટે નીચે મુજબનું માળખું નિયત કરવામાં આવેલ છે.

૬.૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોનું નિયમીત નિરીક્ષણ વર્ષમાં એક વાર પૂર્ણ કરવાનું રહેશે. આ માટે જીલ્લા કક્ષાની વર્ગ–૧ની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું નિરીક્ષણ નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરીએ કરવાનું રહેશે. તાલુકા કક્ષાની વર્ગ–૨ની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાનું નિરીક્ષણ આચાર્ય વર્ગ–૧ની સંસ્થાના વડાએ કરવાનું રહેશે. રેગ્યુલર નિરીક્ષણમાં આચાર્ય વર્ગ–૧, ફોરમેન ઈન્સ્ટ્રકટર અથવા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તથા વહીવટી અધિકારીશ્રીનો સમાવેશ કરવાનો રહેશે.
વધુમાં નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી દ્વારા અન્ય વિભાગની સંસ્થાઓનું નિરીક્ષણ હાથ ધરવા માટે તેમના તાબાની સંસ્થાઓના વડાને પણ મોકલી શકશે.

૭. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી કક્ષાએથી અચાનક નિરીક્ષણ વર્ષમાં બે વખત હાથ ધરવાનું રહેશે.

૮. અચાનક નિરીક્ષણ ઉપરોક્ત લક્ષ્યાંક સિવાય અલગથી સંયુકત નિયામકશ્રી, નાયબ નિયામકશ્રી(તાલીમ), વડી કચેરીના અધિકારીશ્રીઓ તથા વર્ગ–૧/૨ના અધિકારીશ્રીઓ દ્વારા હાથ ધરવામાં આવશે. જેમાં ફોરમેન ઈન્સ્ટ્રકટર અથવા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર તથા વહીવટી અધિકારી / કર્મચારીની મદદ માટે ટીમમાં સમાવેશ કરવાનો રહેશે.

૯. ક્રમ નં. ૮ માં ઉલ્લેખ કરેલ અચાનક નિરીક્ષણ ટીમનું માળખું સંયુકત નિયામકશ્રી દ્વારા નકકી કરવામાં આવશે. તથા નિરીક્ષણ હાથ ધરવા માટેની સુચના પણ સંયુકત નિયામકશ્રી દ્વારા ફોન અથવા બંધ કવરથી કરવામાં આવશે.

૧૦. નિરીક્ષણ અહેવાલની નકલ સંસ્થાના વડાને આપવામાં આવશે અને એક અઠવાડીયામાં તેની પૂર્તતા કરવાની રહેશે.

૧૧. નિરીક્ષણ પૂર્તતા અહેવાલ વડી કચેરીને મોકલી આપવાનો રહેશે. આ પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**(મુસદ્દો સંયુકત નિયામકશ્રીએ મંજુર કરેલ છે. )**

મદદનીશ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
<u>ગાં ધી ન ગ ર.</u>

**નકલ રવાના:**

૧. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત તરફ જાણ તથા જરૂરી અમલ કરવા સારૂ.
૨. આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો તથા સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓ તરફ જાણ તથા જરૂરી અમલ કરવા સારૂ.
૩. વડી કચેરીના તમામ વર્ગ–૧/૨ના અધિકારીશ્રીઓ તરફ
૪. શાખા અધિકારીશ્રી, શાખા:ઘ(જીઆઈએ/સ્વનિર્ભર) વડી કચેરી, ગાંધીનગર તરફ
૫. પી એ ટુ સંયુકત નિયામકશ્રી તરફ.

NADIYA/CH 11/NODE21Ch/